પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૭ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭, મંગળવાર ; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મુનલાઈટને બેસ્ટ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ




તાજેતરમાં જાહેર થયેલ ઓસ્કાર એવોર્ડમાં 'મૂનલાઈટ' ફિલ્મનો બેસ્ટ ફિલ્મ તરીકે નવાજવામાં આવી. 'લાલા લેન્ડ' ફિલ્મને છ એવોર્ડ મળ્યાં હતા.

### અખીલેશે હળવાશથી ભાજપને પડકાર આપ્યો



ઉત્તરપ્રદેશની ચૂંટણીના પ્રચાર ઝુંબેશમાં વીજળીના મામલે મુખ્યમંત્રી અખીલેશ યાદવે ભાજપના આરોપને હળવાશથી પડકારતા કહ્યુ હતુ કે 'વીજળી છે કે નહી તે વીજળીનો વાયર પકડીને ચકાસી લેવું.'

### મુસ્લિમને ટીકીટ નહીં આપવાનો ઉમા ભારતીને ખેદ



કેન્દ્રિય જળ સંશાધન રાજ્યમંત્રી અને ફાયરબ્રાન્ડ વક્તા ઉમા ભારતીએ ટીવીની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીએ એક પણ મુસ્લિમને ટીકીટ આપી નથી તેનો ખેદ છે.

### ભાષા વિવેક જાળવવા રાજનાથની અપીલ



ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રચારમાં નેતાઓ ભાષાવિવેકનું ભાન ભુલ્યાં હોવાનો એકરાર કરતાં રાજનાથસિંહે જણાવ્યું હતું કે સૌની માન મર્યાદા જળવાવવી જોઈએ અને વિરોધ પક્ષોને પ્રધાનમંત્રી માટે અશોભનીય શબ્દોનો પ્રયોગ નહીં કરવા જણાવ્યું હતું.

### શૂટીંગ વર્લ્ડકપમાં ભારતને સીલ્વર મેડલ

ભારતીય શૂટર અંકુર મીત્તલે શૂટીંગ વર્લ્ડકપમાં સીલ્વર મેડલ મેળવ્યો છે. ડબલ ટ્રેપ ઈવેન્ટમાં તેઓનું પ્રદર્શન અસરકારક રહ્યુ હતુ.

# યુપીમાં પાંચમાં તબક્કામાં ૫૭ ટકા મતદાન

## પ્રથમ ચાર તબક્કા કરતા પાંચમાં તબક્કામાં ઓછુ મતદાન થતા તમામ માટે ચિંતાજનક બાબત : પ્રથમ વખત આવેલા મતદારોએ ભારે ઉત્સાહ બતાવ્યો



લખનૌ,તા. ૨૭

ઉત્તરપ્રદેશમાં આજે પાંચમાં તબક્કામાં શાંતિપૂર્ણ રીતે ૫૭.૩૬ ટકા મતદાન થયું હતું. અપેક્ષા કરતા ઓછું મતદાન આજે નોંધાયું હતું. ૧.૮૧ કરોડ મતદારો પૈકી આ મતદાનની ટકાવારી ભાજપમાં માટે પણ આશાસ્પદ દેખાઈ રહી નથી. મુખ્ય ચૂંટણી અધિકારી ટી.વેંકટેશે માહિતી આપતા કહ્યું હતું કે ૫૭.૩૬ ટકા મતદાન સાંજે પાંચ વાગ્યા સુધી નોંધાયું હતું અને આ આંકડો ૬૦ સુધી પહોંચી શકે છે કારણ કે ઘણા મતદારો પાંચ વાગ્યા બાદ પણ લાઈનમાં ઉભા હતા. અલબત્ત આ કવાયત પુરી થઈ ગઈ છે પરંતુ હજુ મતદાનના બે તબક્કા બાકી રહી ગયા છે. અગાઉ ઉત્તરપ્રદેશમાં આજે સવારે સઘન સુરક્ષા અને ભારે ઉત્સાહ વચ્ચે પાંચમાં તબક્કામાં મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. જ્યારે શરૂઆતમાં કેટલાક મતદાન મથકો પર ભીડ જોવા મળી ન હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર પ્રદેશના બે બાહુબલીની પેરોલ અરજી કોર્ટે ફગાવી

## મુખ્તાર અંસારી, અમનમણીને પ્રચાર કરવા પેરોલની સાફ ના : મુખ્તાર અંસારીને દિલ્હી હાઈકોર્ટે ઠપકો આપ્યો : બંને સામે ગંભીર પ્રકારના આક્ષેપ



નવી દિલ્હી,તા. ૨૭

પૂર્વાંચલના બાહુબલી નેતા અને હાલમાં જ બહુજન સમાજવાદી પાર્ટીમાં સામેલ થયેલા મુખ્તાર અંસારીને દિલ્હી હાઈકોર્ટ તરફથી મોટો ફટકો પડ્યો છે. ચૂંટણી પ્રચાર માટે ટ્રાયલ કોર્ટ તરફથી તેમને મંજુરી મળ્યા બાદ હવે ૧૫ દિવસની તેમને મળેલી પેરોલને રદ કરવાનો દિલ્હી હાઈકોર્ટે આજે આદેશ કર્યો હતો. ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ કોર્ટ દ્વારા આ મુજબનો ચુકાદો આપવામાં આવ્યો છે. મુખ્તાર હાલમાં મઉમાંથી બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં હતો. ચૂંટણી પંચે કોર્ટમાં દલીલ કરી હતી કે મુખ્તાર બહાર આવશે તો કાયદો અને વ્યવસ્થા પર ખરાબ અસર થઈ શકે છે. પંચે એવી રજૂઆત પણ કરી હતી કે ભાજપ ધારાસભ્ય કૃષ્ણાનંદ રાય

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં હાર દેખાતા ત્રિશંકુ માટેની રમત : મોદી

## સપા-બહુજન સમાજ પાર્ટીને પોતાની હાર દેખાય છે : ભાજપ એકલા હાથે પણ બહુમતી મેળવશે પરંતુ નાના સાથી પક્ષોને સાથે જ રાખીને સરકાર બનાવાશે : હાર દેખાતા સ્ટાર પ્રચારકો ગાયબ થઈ ગયા છે

મઉ,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર યથાવત રીતે જારી રાખ્યો હતો અને સમાજવાદી પાર્ટી તથા બહુજન સમાજ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ દાવો કરતા કહ્યું હતું કે પોતાની હાર દેખાઈ આવતા હવે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ત્રિશંકુ વિધાનસભા બનાવવા માટેની રમત રમી રહી છે. તેમણે કહ્યું હતું કે બંને પાર્ટીઓ એવી સ્થિતિ સર્જવાના પ્રયાસમાં છે જેના કારણે કોઈને પણ બહુમતી ન મળે અને પરિસ્થિતિનો લાભ લઈ શકાય. મોદીએ મઉમાં આયોજિત એક ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે ચૂંટણીના પ્રથમ ત્રણ તબક્કામાં પોતાની હાર નિશ્ચિત દેખાઈ આવ્યા બાદ સપા અને બસપા દ્વારા નવી રતમ રમવામાં આવી રહી છે. આ પાર્ટીઓ માની રહી છે કે અમારી ભલે હાર થાય પરંતુ ભાજપને કોઈ કિંમતે બહુમતી મળવી જોઈએ નહીં. મઉમાં પોતાની પ્રથમ રેલીમાં બોલતા મોદીએ કહ્યું હતું કે તેઓ સપા અને બસપાને કહેવા માંગે છે કે ભાજપને હરાવવા માટે જે કંઈપણ પેંતરા અજમાવવામાં આવે તેમાં અમને

● અનુસંધાન પાન-૭ પર



# પથ્થરબાજીના પગલે ૨૫ ત્રાસવાદી છટકી ગયા છે

## કેટલાક સંવેદનશીલ જિલ્લામાં રાજકીય નેતાઓની પકડ મજબૂત છે : વહીવટીતંત્રમાં પણ તેમનું પ્રભુત્વ રહેલું છે



જમ્મુ,તા. ૨૭

જમ્મુ-કાશ્મીરમાં રાજનીતિના પરિણામ સ્વરૂપે સુરક્ષા દળોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમના હાથમાંથી અનેક આતંકવાદીઓ છટકી ગયા છે. પથ્થરબાજીની ઘટનાના પરિણામ સ્વરૂપે ત્રાસવાદીઓ તેમના હાથમાંથી છટકી ગયા છે. ગયા વર્ષે હિઝબુલ મુજાહિદ્દીનના કમાન્ડર બુરહાન વાનીના મોત બાદ દક્ષિણ કાશ્મીરમાં ફેલાઈ ગયેલી અશાંતિ, પથ્થરબાજીના બનાવના પરિણામ સ્વરૂપે જમીન સ્તર પર સુરક્ષા દળોને પીછેહટનો સામનો કરવો પડ્યો છે. સુરક્ષા દળો જે વિસ્તારમાં ત્રાસવાદીઓને પકડી પાડવા માટે પહોંચ્યા છે ત્યા કેટલીક જગ્યાઓએ સ્થાનિક લોકો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોની કાર્યવાહી સામે અડચણો પહોંચાડવામાં આવી છે. જેના લીધે સુરક્ષા દળોના હાથે ૨૫ જેટલા ત્રાસવાદીઓ છટકી ગયા છે. યોજના પૂર્વક આ સ્થાનિક પથ્થરબાજીના પરિણામ સ્વરૂપે ૨૫ ત્રાસવાદીઓ ફરાર થઈ ગયા છે. સેનાના નવેસરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પથ્થરબાજીના પરિણામ સ્વરૂપે ઓછામાં ઓછા ૨૫ ત્રાસવાદીઓ અથડામણ દરમ્યાન ફરાર થઈ ગયા છે.

# આઈએસના બે શકમંદોને ૧૨ દિવસના રિમાન્ડ

## રાજકોટ કોર્ટમાં રજુ કરીને રિમાન્ડની માંગ કરાતા મંજુર : આઈએસના શકમંદોના અન્ય સાગરિતોની ભાળ મેળવવાના તમામ પ્રયાસો જારી : ગુજરાત પોલીસ ઉત્તરપ્રદેશ સાથે સંપર્કમાં

અમદાવાદ, તા.૨૭

ચોટીલા સહિત ધાર્મિક સ્થળો પર હુમલા કરવાના ખતરનાક ઈરાદા સાથે આવેલા અને ત્યારબાદ રાજકોટ અને ભાવનગરમાંથી ઝડપાઈ ગયેલા આઈએસના બે ખતરનાક શખ્સોની આકરી પૂછપરછનો દોર જારી રહ્યો છે. આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે બંને ભાઈને રાજકોટની કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા અને તેમના માટે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જેની માટે કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આનો મતલબ એ થયો કે આ બંને શખ્સો ૧૦મી માર્ચ સુધી રિમાન્ડ પર રહેશે. બીજી બાજુ રાજ્ય પોલીસ દ્વારા અન્ય શકંમદોને પકડી પાડવા ઉત્તરપ્રદેશ પોલીસ સાથે પણ નજીકના સંપર્કો સ્થાપિત કરી દીધા

છે. બે ત્રાસવાદીઓની ગઈકાલે ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રામોડીયા બંધુઓ પાસેથી મળી આવેલા બે લેપટોપમાં પણ તપાસ ચાલી રહી છે. આઈએસના આ નેટવર્કમાં અન્ય શખ્સો પણ સામેલ હોવાની શક્યતા ગુજરાત પોલીસ નકારી રહી નથી. જેથી વધુ તપાસનો દોર ચાલી રહ્યો છે. ચોટીલાના ચામુંડા મંદિર પર હુમલા કરવાની યોજના નિષ્ફળ બની ચુકી છે. હકીકતમાં પાંચમી ડિસેમ્બરના દિવસે બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હોવાને લઈને માહિતી આવી હતી પરંતુ તે વખતે આ બાબત અફવા સાબિત થઈ હતી. ગુજરાત પોલીસે હવે આ કેસમાં સામેલ રહેલા અન્ય શકમંદોને પકડી પાડવા ઉત્તરપ્રદેશ પોલીસને સંપર્ક કરી લીધો છે. બીજી બાજુ એટીએસ્સમાં રહેલા સૂત્રોએ એમ પણ કહ્યું છે કે કેટલાક કોલને પકડી પાડવામાં આવ્યા છે. જેમાં જાણવા મળ્યું છે કે બંને કુખ્યાત શખ્સો ખતરનાક ઈરાદા ધરાવતા હતા. પોલીસ દ્વારા નક્કર વિગતો શોધી કાઢવાના પ્રયાસો થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે એટીએસે ગઈકાલે આગામી થોડાક દિવસોમાં ગુજરાતમાં અનેક ધાર્મિક સ્થળો ઉપર સિરિયલ બોંબ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહેલા આઈએસના બે ત્રાસવાદીઓની ધરપકડ કરી હતી. આ બંને સગા ભાઈ છે અને સોશિયલ મિડિયા મારફતે તેમના વિદેશમાં રહેલા આઈએસના આકાઓ સાથે સીધીરીતે સંપર્કમાં હતા. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી પણ કબજે કરવામાં આવી હતી.

# બીએમસીમાં ૫૦ ટકાથી વધુ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ

મુંબઈ,તા. ૨૭

બ્રિહાન મુંબઈ કોર્પોરેશન માટે હાલમાં જ ચૂંટણી યોજાઈ હતી. બીએમસીની ચૂંટણીમાં ચૂંટણી મેદાનમાં રહેલા મોટી સંખ્યામાં ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે. મેદાનમાં રહેલા ૫૦ ટકાથી વધુ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે. વોર્ડ નંબર ૧૩૯માં કુલ ૧૯ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે જ્યારે વોર્ડ ૧૪૧માં ૧૮, ૧૮૪માં ૧૭, ૧૫૦માં ૧૭, ૧૦૮માં ૧૭ અને ૨૩માં ૧૭ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે. શિવસેના અને ભાજપ વચ્ચે બીએમસીની ચૂંટણીમાં જોરદાર સ્પર્ધા હતી પરંતુ છેલ્લી ઘડી સુધી બંને વચ્ચે જોરદાર ટક્કર રહેલા કોઈપણ પાર્ટીને બહુમતી મળી શકી નથી. જેથી હાલમાં મડાગાંઠની સ્થિતિ મેયરને લઈને સર્જાયેલી છે.







